**<u>મે.જુનાગઢનાં મજુર અદાલતના પ્રમુખ અધિકારી શ્રી ડી.એચ. ખંભાતી સાહેબ સમક્ષ, મુ.જુનાગઢ</u>**

**<u>આઈ. ડી. રીવ્યુ અરજી નં.૪ / ૨૦૧૭</u>**
**<u>ઈન</u>**
**<u>રેફરન્સ (ટી) કેસ નં.૬૨ / ૨૦૧૨</u>**

**<u>અરજદાર :–</u>** ફરીદાબેન જાફરભાઈ
ઉ.વ.આ.૫૦, ધંધોઃ રોજમદાર (મજુર)
રહે.સરદારબાગ પાછળ, અજમેરી પાર્ક,
(હલીમાં સામે), મુ.જુનાગઢ

**<u>– : : વિરુધ્ધ : : –</u>**

**<u>સામાવાળા :–</u>** જુનાગઢ કૃષી યુર્નીવસીટી
થ્રુઃ રજીસ્ટાર
જુનાગઢ કૃષી યુર્નીવસીટી કેમ્પસ,
મુ.જુનાગઢ.

**<u>બાબત:</u>** રેફરન્સ (ટી) કેસ નં.૬૨/૨૦૧૨ ના કામમાં તા.૯/૧૧/૨૦૧૭ ના રોજ આપેલ એવોર્ડના આખરી હુકમમાં થયેલ ટાઈપીંગ મીસ્ટેક સુધારવા માટે રીવ્યુ અરજી

---

**<u>પ્રતિનીધિઓ :–</u>**
**<u>અરજદાર તરફે :–</u>** વિ.વ.શ્રી સી.આર. સંપટ
**<u>સામાવાળા તરફે :–</u>** વિ.વ.શ્રી આર.બી. ચૌહાણ

---

**<u>–:: હુ ક મ ::–</u>**

**(૧)** આ અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, રેફરન્સ (ટી) કેસ નં.૬૨/૨૦૧૨ ના કામે તા.૦૯/૧૧/૨૦૧૭ ના રોજ નામ. કોર્ટે ફરમાવેલ એવોર્ડના આખરી હુકમમાં સામાવાળા સંસ્થાનો અરજદારને તા.૨૭/૦૩/૦૬ ના મૌખીક હુકમને બદલે ટાઈપીગ મીસ્ટેકને કારણે તા.૨૭/૦૩/૨૦૧૬ નો મૌખીક હુકમ લખાઈ ગયેલ છે તે સુધારી અને આખરી હુકમમાં તા.૨૭/૦૩/૨૦૦૬ નો મૌખીક હુકમ કરી આપવા અરજ કરેલ છે.

**(૨)** આ કામે અરજદારની અરજી પરત્વે સામાવાળાને આંક–૪ થી નોટીસ ઈસ્યુ કરતાં, સદરહું નોટીસ સામાવાળાને ધારાસર બજી જતાં સામાવાળા જાતે હાજર થયેલ છે પરંતુ અરજદારની અરજીનો જવાબ રજુ ન કરતાં, અરજદાર તરફે આંક–૬ થી સામાવાળાનો જવાબ હકક બંધ કરવા અરજી રજુ કરતાં, સદરહું અરજી લગત સામાવાળાનો જવાબ હકક બંધ કરવા હુકમ ફરમાવેલ છે. જે બાદ

સામાવાળા સંસ્થા આંક–૭ ના વકીલપત્રથી વકીલ મારફત હાજર થયેલ છે અને આંક–૮ થી પુરસીસ રજુ કરી જાહેર કરેલ છે કે, આ કામમાં અરજદારની રીવ્યુ અરજીમાં માંગ્યા મુજબ મુળ હુકમમાં તારીખ પુરતો સુધારો કરવામાં આવે તો કોઈ વાંધો તકરાર નથી તેમ જાહેર કરતાં, સદરહું પુરસીસ રેકર્ડ કરવામાં આવેલ છે.

**(૩)** ઉપરોકત એકદંર હકીકત લક્ષમાં લેતા સદરહુ કામે મુળ રેફરન્સ (ટી) કેસ નં.૬૨/૨૦૧૨ ના કામે તા. ૦૯/૧૧/૨૦૧૭ ના રોજ એવોર્ડ આપવામાં આવેલ છે. જે રેફરન્સ કેસનો એવોર્ડ આ કામે રજુ કરેલ છે તે વંચાણે લેતા તેમા આખરી હુકમના પેરા–ર માં તા.૨૭/૦૩/૨૦૦૬ ના બદલે તા.૨૭/૦૩/૨૦૧૬ લખાયેલ છે. જે ટાઈપીગ મીસ્ટેક છે. તેમજ આ કામે સામાવાળાએ આંક–૮ થી રજુ પુરસીસથી જાહેર કરેલ છે કે, આ કામમાં અરજદારની રીવ્યુ અરજીમાં માંગ્યા મુજબ મુળ હુકમમાં તારીખ પુરતો સુધારો કરવામાં આવે તો કોઈ વાંધો તકરાર નથી.

**(૪)** સદરહુ કામે રેફરન્સ (ટી) કેસ નં.૬૨/૨૦૧૨નું રેકર્ડ વંચાણે લેતા તેમા એવોર્ડના આખરી હુકમ પેરા–રમાં તા.૨૭/૦૩/૨૦૧૬ લખાયેલ છે. ત્યારે ઔદ્યોગીક વિવાદ (ગુજરાત) નિયમો–૧૯૬૩ ના નિયમ–૩૧ લક્ષમાં લેતા સદરહુ ભુલ સુધારવા નામદાર કોર્ટને સત્તા છે. જેથી અરજી પેરા–૩ માં રેફરન્સ (ટી) કેસ નં. ૬૨/૨૦૧૨ના કામે તા.૦૯/૧૧/૨૦૧૭ના એવોર્ડના આખરી હુકમ પેરા–ર માં તા.૨૭/૦૩/૨૦૧૬ ના બદલે તા.૨૭/૦૩/૨૦૦૬ તે મુજબ સુધારો કરી આપવા દાદ માંગેલ છે.

**(૫)** ઉપરોકત રીવ્યુ અરજીની એકંદરે હકીકત લક્ષમાં લેતા ઔદ્યોગીક વિવાદ (ગુજરાત) નિયમો–૧૯૬૩ ના નિયમ–૩૧ નો ઉલ્લેખ અત્રે જરૂરી છે જે નીચે મુજબ છે.

**RULE 31 : Correction of errors**

The Labour, Court, Tribunal or Arbitrator may correct any clerical mistake or error arising from an accidental slip or omission in any award it or he issues.

**(૬)** ઉપરોકત નિયમ–૩૧ વંચાણે લેતા તેમાં નામ. કોર્ટને એવોર્ડમાં રહેલ ટાઈપમીસ્ટેક સુધારવા સત્તા અધિકાર છે. તેમજ સામાવાળાએ સદરહું સુધારો કરવા સામે કોઈ વાંધો તકરાર ઉઠાવેલ નથી. તેમજ મુળ રેફરન્સ (ટી) કેસ નં.૬૨/૨૦૧૨ના રેકર્ડની ખરાઈ કરતા મજુર કમીશ્નર જુનાગઢના પ્રોસીડીગ્સ માં તેમજ અરજદારે રજુ કરેલ માંગણા નિવેદન, બચાવનામુ, અને મૌખીક પુરાવા તેમજ લેખીત દલીલોમાં તથા એવોર્ડના તારણમાં તથા રીવ્યુ અરજીના કામે રજુ કરેલ દસ્તાવેજો વંચાણે લેતા ટાઈપોગ્રાફીકલ મીસ્ટેકથી એવોર્ડના આખરી હુકમ પેરા–રમાં તા.૨૭/૦૩/૨૦૧૬ લખાયેલ છે જે શરતચુકથી ટાઈપમાં ભુલ થયેલ હોય ઉપરોકત નિયમ–૩૧ ની જોગવાઈમાં સદરહુ

ભુલનો સુધારો કરવા અદાલતને સત્તા હોવાનુ રજુ મૌખીક પુરાવા, જોગવાઈ લક્ષમાં લેતા જણાય છે. જેથી હાલની રીવ્યુ અરજી મંજુર કરવાના તારણ ઉપર આ અદાલત આવતી હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: : આ ખ રી હુ ક મ : :–**

**(૧)** અરજદારની હાલની ઔદ્યોગીક વિવાદ (ગુજરાત) નિયમોઃ ૧૯૬૩ ના નિયમ–૩૧ હેઠળની હાલની રીવ્યુ અરજી નં.૪/૨૦૧૭ આથી મંજુર કરવામાં આવે છે.

**(૨)** વધુમાં, સદરહુ કામે રેફરન્સ (ટી) કેસ નં.૬૨/૨૦૧૨ ના કામે તા.૦૯/૧૧/૨૦૧૭ના રોજ આપેલ એવોર્ડના આખરી હુકમ પેરા–૨માં તા.૨૭/૦૩/૨૦૧૬ ના બદલે તા.૨૭/૦૩/૨૦૦૬ તે મુજબનો સુધારો કરી વંચાણે લેવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**(૩)** સદરહુ હુકમની એક નકલ રેફરન્સ (ટી) કેસ નં. ૬૨/૨૦૧૨ના કામે સામેલ રાખવી તેવો હુકમ કરવામાં આવે છે. તેમજ સદરહુ હુકમની એક નકલ મદદનીશ મજુર કમીશ્નર જુનાગઢને જાણ અર્થે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪)** અરજી ખર્ચ અન્વયે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ તા.૧૭મી, માહેઃ જાન્યુઆરી, સનેઃ ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

જુનાગઢ
તા.૧૭/૦૧/૨૦૧૮.

**(દિપક હસમુખભાઈ ખંભાતી)**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત નં.૧, જુનાગઢ**
**(જી.જે.૦૦૮૬૬)**